# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-03-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(GONG MUSIC)

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GANDHINAGAR MILLET MAHOTSAV

રાજ્યની 16 મહાનગરપાલિકામાં આજથી શ્રીઅન્ન એટલે કે "મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬"નું આયોજન કરાયું છે.ત્યારે આજે ગાંધીનગરના કુડાસણ ખાતે યોજાયેલા મિલેટ મહોત્સવમાં રાજ્યમંત્રી દર્શના વાઘેલા ઉપસ્થિત રહ્યા. તેમણે ખેડૂતોને વર્ષમાં બે પાક પ્રાકૃતિક ખેતીથી લેવા અનુરોધ કર્યો.

(બાઇટ : દર્શના વાઘેલા, રાજ્યમંત્રી)

જૂનાગઢમાં આજે રાજ્ય શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન વાજાએ મિલેટ મહોત્સવને ખુલ્લો મૂક્યો આ મહોત્સવમાં 49 સ્ટોલ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે.

# VADODARA CONTROL CENTRE

વડોદરા શહેર પોલીસ કક્ષાના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ લોકાર્પણ કર્યું. ગુજરાત પોલીસના સ્માર્ટ પોલીસિંગ અંતર્ગત નેત્રમ પ્રોજેક્ટ હેઠળ પોલીસ ભવનના સાતમા માળે સિટી લેવલનું આ આધુનિક સેન્ટર બનાવવામાં આવ્યું છે. આ પ્રસંગે શહેર પોલીસ કમિશનર નરસિંમ્હા કોમારે વડોદરા શહેર પોલીસ દ્વારા આધુનિક ટેક્નોલોજીના વિનિમયથી ક્રાઇમ ડિટેક્શન, મહત્વના તહેવારોમાં બંદોબસ્ત, સંસાધનો અંગેની માહિતી પ્રસ્તુત કરી હતી.

# EID UL FITR

સમગ્ર વિશ્વમાં આજે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ ઉલ ફિત્રની ઉજવણી કરવામાં આવી રહી છે. મુસ્લિમ ભાઈ-બહેનો એક બીજાને ઈદની મુબારક બાદ આપી રહ્યા છે. અરવલ્લી જિલ્લાના મોડાસા ઈદગાહ ખાતે મુસ્લિમ બિરાદરો એ નમાઝ અદા કરી હતી. શાંતિ સુરક્ષા અને સલામતી માટે દુઆ પઢવામાં આવી હતી. ભાવનગર જિલ્લા જેલના મુસ્લીમ બંદીવાનોને રમઝાન ઇદની ઉજવણી માટે નમાઝ પઢાવી અને જેલના તમામ બંદીવાનોને ખીર-પુરીનો પ્રસાદ આપવામાં આવ્યો. ભરૂચ શહેરની ઈદગાહ ખાતે મુસ્લિમ બિરાદરોએ મોટી સંખ્યામાં હાજરી આપી ઈદની નમાઝ અદા કરી. દીવ ના ઘોઘલા મુસ્લિમ સમુદાય ના લોકો દ્વારા રમઝાન ઈદ નિમિતે જુલુસ કાઢી એકબીજા ને ઈદ ની મુબારખબાદી અપાઈ,મહીસાગર અને છોટા ઉદેપુર જિલ્લામાં પણ મુસ્લિમ ભાઈ બહેનોએ ઈદની ઉજવણી કરી. પાટણ શહેરના ખાન સરોવર પાસેની ઈદગાહ ખાતે ઈદ મિલન સમારોહનું આયોજન કરાયું. આ અંગે મૌલાના ઈમરાનભાઈએ વધુ માહિતી આપી.

(બાઇટ : ઈમરાનભાઈ મૌલાના)

# BOTAD AAG

બોટાદ જિલ્લા બરવાળા તાલુકામાં આવેલી ફેક્ટરીમાં આગની ઘટનામાં એકનું મોત જ્યારે બે વ્યક્તિ ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે. બેલા અને ટીંબલા ગામ વચ્ચે વાડી વિસ્તારમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં આગ લાગતાં વિસ્ફોટ થયો હતો. ઘટનાના પગલે પોલીસ અને ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.

# RAJKOT TRAIN

રાજકોટ ડિવિઝનની 4 જોડી ટ્રેનોમાં કાયમી ધોરણે એક વધારાનો થર્ડ એસી કોચ જોડવામાં આવશે. મુસાફરોની સુવિધામાં વધારો કરવા અને એસી શ્રેણીમાં સતત વધતી માંગને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો આવ્યો છે. આ નિર્ણયથી મુસાફરોને ટિકિટની વધુ ઉપલબ્ધતા સાથે વધુ આરામદાયક મુસાફરીની સુવિધા પ્રાપ્ત થશે. જે ત્રણમાં વિશેષ કોચ જોડવામાં આવશે તેમાં ઓખા-નાથદ્વારા એક્સપ્રેસ, ઓખા-બિલાસપુર એક્સપ્રેસ, રાજકોટ-દિલ્હી સરાય રોહિલ્લા એક્સપ્રેસ, રાજકોટ-રીવા એક્સપ્રેસ, જામનગર-તિરુનલવેલી એક્સપ્રેસ, હાપા-મડગાંવ એક્સપ્રેસ, વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસ અને વેરાવળ-બાંદ્રા ટર્મિનસ સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસનો સમાવેશ થાય છે.

# WEATHER

રાજ્યમાં આજે સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર, આજે બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણામાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી 2 દિવસમાં તાપમાનમાં 3 થી 5 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે.